|| શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ||





## તીર્થધામ શ્રી અબજીબાપાની છતેડી, બળદિયા (ભુજ-કચ્છ) આયોજિત

## ૧૮૧ માં બાપાશ્રી પ્રાગટ્યોત્સવ ઉપલક્ષ્યે

અનાદિમુક્ત સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત

# ‘પુરૂષોત્તમ પ્રકાશ’ પંચામૃત પંચાહ્ન પારાયણ

વક્તાશ્રીઃ સ.ગુ. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી

ગુરુ સ.ગુ. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી

**પ્રારંભ**
સં.૨૦૮૨,
કારતક સુદ-૭,
તા. ૨૯-૧૦-૨૦૨૫
બુધવાર, સવારે : ૦૮:૩૦

નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા સધર્મ ભક્તેરવનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં તનોતુ કૃષ્ણોઙખિલ મંગલં નઃ ॥

**પૂર્ણાહુતિ**
સં.૨૦૮૨,
કારતક સુદ-૧૧
તા. ૦૨-૧૧-૨૦૨૫
રવિવાર, સાંજે : ૦૬:૦૦

સર્વાવતારી પૂર્ણ પુરૂષોત્તમશ્રી સ્વામિનારાયણ ભગવાન, અનાદિ મહામુક્તરાજ પ.પૂ. અબજીબાપાશ્રી, સદ્‌ગુરૂશ્રીઓ તથા સમર્થ મુક્તોના કૃપાપાત્ર અ.મુ.શ્રી..................................................................

શ્રી હરિજીની દિવ્ય સ્મૃતિ સહ સહર્ષ જણાવવાનું કે કચ્છ પ્રદેશમાં બળદિયા (વૃષપુર) મુકામે શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા નંદ પંક્તિના સંતોના પાવનકારી વિચરણથી મહાપ્રસાદીરૂપ કાળી તલાવડીના કાંઠે શ્રીજીમહારાજે દેવબાને પુત્રપણાનું વરદાન આપ્યું અને સં. ૧૯૦૧ કારતક સુદ-૧૧, પ્રબોધિની એકાદશી (તા.૨૦-૧૧-૧૮૪૪)ના દિવસે રાત્રે ૯:૧૦ કલાકે બાપાશ્રી પ્રગટ થયા જે નિમિત્તે પ્રાગટ્યોત્સવ છતેડીધામે દર વર્ષે ઉજવાય છે. આવા આ તીર્થ સ્થાનમાં અનાદિ મહામુક્તરાજ પ.પૂ. અબજીબાપાશ્રીએ અનેક કલ્યાણકારી યજ્ઞો કર્યા છે તેમજ દર વર્ષે અષાઢ માસની અમાસના ઉજવણી કરી બાળકો જમાડતા જે આજ પર્યંત દર વર્ષે ઉજવાય છે. સં. ૧૯૭૧ ચૈત્ર સુદ-૩ (તા.૧૮-૦૩-૧૯૧૫)ના બાપાશ્રીએ શ્રીજીમહારાજના ચરણારવિંદ પધરાવી આ સ્થાનના દર્શન કરનારને આત્યંતિક કલ્યાણનો કોલ આપ્યો છે, તેમજ સં. ૧૯૭૮ વૈશાખ સુદ-૩ (તા.૩૦-૪-૧૯૨૨)ના ભીડભંજન હનુમાનજી પધરાવી દીન દુઃખી અને ભૂત-પ્રેતાદિકથી પીડાતા લોકોના દુઃખો દૂર કરી અક્ષરધામમાં લઈ જવાના આશીર્વાદ આપ્યા છે. આવા કલ્યાણકારી કાર્યો કરી સં. ૧૯૮૪ અષાઢ સુદ-૫ (તા.૨૨-૦૬-૧૯૨૮)ના રોજ બાપાશ્રી અંતરધાન થયા. ત્યારબાદ બાપાશ્રીના પુત્ર અ.મુ. પૂજ્યશ્રી કાનજીબાપા તથા અ.મુ. પૂજ્ય શ્રી મનજીબાપાએ આ ભૂમિ છતેડીધામ વિકાસ માટે અર્પણ કરી. ત્યારબાદ મુનિસ્વામીએ સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં મંદિર નિર્માણ કરી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી, જેનો પાટોત્સવ દર વર્ષે વૈશાખ સુદ-૧૫ના ઉજવાય છે.



અનાદિમુક્ત
સ.ગુ. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી



અનાદિમુક્ત
સ.ગુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામી



અનાદિમુક્ત
સ.ગુ. શ્રી નિર્ગુણાનંદ બ્રહ્મચારી



અનાદિમુક્ત
સ.ગુ. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

અ.મુ. સદ્‌ગુરૂ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ બાપાશ્રીને પ્રશ્નો પુછી શ્રીમુખવાણી વચનામૃતના ગૂઢ અગમ રહસ્ય સુગમ કર્યા અને વચનામૃત રહસ્યાર્થ અને બાપાશ્રીની વાતો આ તીર્થભૂમિમાં સં. ૧૯૬૨ વૈશાખ વદ ૧ ના લખવાનો પ્રારંભ કર્યો તથા અ.મુ. સદ્‌ગુરૂ શ્રી વૃંદાવનદાસજી સ્વામી તથા અ.મુ. સદ્‌ગુરૂ શ્રી નિર્ગુણાનંદજી બ્રહ્મચારી તથા અ.મુ. સદ્‌ગુરૂ શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી તથા અ.મુ. પૂજ્યશ્રી સોમચંદબાપાએ બાપાશ્રીના દિવ્યજીવન અને દિવ્યવાણીને આ ભૂમિમાં રહી ગ્રંથસ્થ કરી કારણ સત્સંગના સિદ્ધાંતો ઉજાગર કરી સમગ્ર સત્સંગ પર મહદ્ ઉપકાર કર્યો છે.

ત્યારબાદ સં. ૨૦૫૧ (ઈ.સ. ૧૯૯૫)માં અ.મુ. પૂજ્યશ્રી જાદવજીબાપા અને અ.મુ. પૂજ્યશ્રી નારાયણભાઈએ અબજીબાપા સંસ્કારધામ તેમજ એજ્યુકેશન કાર્યને શુભ આશીર્વાદથી ધમધમતું કરી મહાકલ્યાણકારી કાર્ય કર્યું અને આશીર્વાદ આપી અનેક મોક્ષભાગી આત્માઓને મુક્તિ અને ભુક્તિ આપી સૌને ઋણી કર્યા છે.

આવી કલ્યાણકારી ભૂમીમાં બાપાશ્રી પ્રાગટ્યોત્સવ ઉપલક્ષ્યમાં સં. ૨૦૮૨, કારતક સુદ-૭, તા. ૨૯-૧૦-૨૦૨૫ બુધવારથી કારતક સુદ-૧૧, તા. ૦૨-૧૧-૨૦૨૫ રવિવાર સુધી અનાદિમુક્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત ‘‘પુરૂષોત્તમ પ્રકાશ’’ પંચામૃત પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે.

આ દિવ્ય પ્રસંગે કથા-વાર્તા, સંતોના આશીર્વાદ તેમજ ભોજનરૂપી મહાપ્રસાદનો લાભ લેવા આપને સહકુટુંબ મિત્રમંડળ સહિત પધારવા અમારું ભાવભીનું નિમંત્રણ છે.

લિ. દર્શનાભિલાષી

સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી આદિ સંતમંડળ, ટ્રસ્ટીમંડળ તથા
છતેડીધામ સંસ્થાના હેતવાળા હરિભક્તોના જય સ્વામિનારાયણ

# ૧૮૧ માં બાપાશ્રી પ્રાગટ્યોત્સવ ઉપલક્ષ્યે

પરમ કૃપાળુ શ્રીજીમહારાજ, અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી, સમર્થ સદ્ગુરૂશ્રીઓની પ્રસન્નતાર્થે અને
છતેડીધામ વિકાસના પ્રણેતા અ.મુ. સદ્. મુનિસ્વામીશ્રી કેશવપ્રિયદાસજી સ્વામી, અ.મુ. શ્રી કાનજીબાપા, અ.મુ. શ્રી મનજીબાપા,
અ.મુ. શ્રી સોમચંદબાપા, અ.મુ. શ્રી જાદવજીબાપા તથા અ.મુ. શ્રી નારાયણમામાની દિવ્ય પ્રેરણાથી

## પારાયણના મુખ્ય યજમાન

મૂ.નિ. રામુબેન ભવાનભાઈ રૂપાણી તથા મૂ.નિ. ભવાનભાઈ ઝવેરભાઈ રૂપાણી
હસ્તે શ્રી કાનજીભાઈ ભવાનભાઈ રૂપાણી તથા શ્રીમતી કાન્તાબેન કાનજીભાઈ રૂપાણી,
શ્રી હિરેનકુમાર કાનજીભાઈ રૂપાણી તથા શ્રીમતી બીનાબેન હિરેનકુમાર રૂપાણી,
શ્રી ચિરાગકુમાર કાનજીભાઈ રૂપાણી તથા શ્રીમતી ઇશિતાબેન ચિરાગકુમાર રૂપાણી
ચિ. હીર, હેત્વી, ધ્યેય, અયાન - વલ્લભવિદ્યાનગર

## પારાયણના કાયમી સહયજમાન

મૂ.નિ. કાન્તિલાલ પોપટલાલ ઝીંઝુવાડીયા, ગં.સ્વ. રંજનબેન કાન્તિલાલ ઝીંઝુવાડીયા,
પુત્ર સુશીલ તથા ડૉ. નયનભાઈ,પુત્રી કલ્પનાબેન તથા વૈશાલીબેન
તથા ધર્મિષ્ઠાબેન તથા જયશ્રીબેન સહપરિવાર - ઝજ્જ

## પારાયણના સહયજમાન

મૂ.નિ. કાંતાબેન લાલચંદભાઈ ગાંધી, મૂ.નિ. લાલચંદભાઈ ગાંધી, મૂ.નિ. પન્નાબેન ગાંધી
હસ્તે ભાવનાબેન ગોપાલભાઈ ગાંધી, સુરેશ લાલચંદભાઈ ગાંધી સહપરિવાર - ધ્રાંગધ્રા

## અભિષેકના કાયમી સહયજમાન

શ્રી પ્રણવભાઈ ધીરેન્દ્રભાઈ દોશી - અમદાવાદ

## જ્ઞાન-ધ્યાન-ઉપાસના શિબિર

કારતક સુદ-૪, તા. ૨૬-૧૦-૨૦૨૫, રવિવાર, સવારે ૮:૩૦ કલાકથી
કારતક સુદ-૬, તા. ૨૮-૧૦-૨૦૨૫, મંગળવાર, સાંજે ૬:૦૦ કલાક
**પ્રાગટ્યોત્સવ શિબિરના કાયમી સહયજમાન**
શ્રી કનુભાઈ રામાભાઈ પટેલ સહપરિવાર - ઝુંડાલ

**પ્રારંભ**
સં.૨૦૮૨,કારતક સુદ-૭,
તા. ૨૯-૧૦-૨૦૨૫
બુધવાર, **સવારે : ૦૮:૩૦**

**પૂર્ણાહુતિ**
સં.૨૦૮૨, કારતક સુદ-૧૧
તા. ૦૨-૧૧-૨૦૨૫
રવિવાર, **સાંજે : ૦૬:૦૦**

# પારાયણ કાર્યક્રમ

કથા સમય : સવારે ૮:૩૦ થી ૧૨:૦૦ અને સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે

### પોથીયાત્રા

કારતક સુદ-૭, તા. ૨૯-૧૦-૨૦૨૫,
બુધવાર, સવારે ૭:૩૦ કલાકે

### છાબ

કારતક સુદ-૮, તા. ૩૦-૧૦-૨૦૨૫,
ગુરૂવાર, સવારે ૭:૩૦ કલાકે

### બાપાશ્રીની વાતોની સમુહ પારાયણ

કારતક સુદ-૯, તા. ૩૧-૧૦-૨૦૨૫,
શુક્રવાર, સવારે ૬:૩૦ કલાકે

### ઠાકરથાળી

કારતક સુદ-૧૦, તા. ૦૧-૧૧-૨૦૨૫,
શનિવાર, રાત્રે ૮:૩૦ કલાકે

### બાપાશ્રી પ્રાગટ્ય દિન

કારતક સુદ-૧૧, તા. ૦૨-૧૧-૨૦૨૫, રવિવાર,
અભિષેક : સવારે ૬:૪૫ કલાકે, મહાપૂજા : સવારે ૭:૩૦ કલાકે,
પ્રાગટ્યોત્સવ :રાત્રે ૮:૦૦ કલાકે, પ્રાગટ્યોત્સવ આરતી રાત્રે ૯:૧૦ કલાકે

આ દિવ્ય પ્રસંગે કથા-વાર્તા, સંતોના આશીર્વાદ તેમજ ભોજનરૂપી મહાપ્રસાદનો લાભ લેવા આપને સહકુટુંબ મિત્રમંડળ સહિત પધારવા અમારું ભાવભીનું નિમંત્રણ છે.


**આયોજક એવમ્ નિમંત્રક**

**શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર**
મુ. બળદિયા, ભુજ-કચ્છ. પીન. ૩૭૦૪૨૭
મો. ૯૦૯૯૦ ૪૯૨૮૨, ૯૦૯૯૦ ૪૯૨૮૪
www.abjibapanichhatedi.org E-mail : abjibapachhatedi@gmail.com


॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥
અનાદિ મહામુક્તરાજશ્રી અબજીબાપા સ્મૃતિ શતાબ્દી
100 સંવત ૧૯૮૪-૨૦૮૪ વર્ષ-2028
સંવત ૨૦૮૪ વૈશાખ સુદ ૭ થી વૈશાખ સુદ ૧૫
તા.૧-૫-૨૮ સોમવાર થી ૮-૫-૨૦૨૮ સોમવાર
શ્રી અબજીબાપાની છતેડી
• બળદિયા, ભુજ-કચ્છ •